અપીલ અરજી નં.૩૮૨, તા.૩–૩–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨–૨–૦૯ ની અરજીથી ગોપીપુરા સંઘડીયાવાડ ખાતે આવેલ વોર્ડ નં.૮ નોંધ નં.૨૨૬૪ બી/૨૨૬૪ સી માં ચાલતાં નવા બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થીપ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૮૨/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨–૨–૦૯ ની અરજીથી ગોપીપુરા સંઘડીયાવાડ ખાતે આવેલ વોર્ડ નં.૮ નોંધ નં.૨૨૬૪ બી/૨૨૬૪ સી માં ચાલતાં નવા બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થી પની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૪૮૨ તા.૨૭–૨–૦૯ થી આપેલ માહિતી ગોળગોળ અને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૫ તા.૯–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૦૭ તા.૨૧–૩–૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૨–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી વોર્ડ નં.૮ નોંધ નં.૨૨૬૪ બી/૨૨૬૪ સી માં ચાલતાં નવા બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થી ૫ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પાડવામાં આવેલ. જેમાં અરજદારે ગોળ ગોળ અને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી કરેલ અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અત્રેથી અરજદારને મુદ્દાસર માંગેલ માહિતી સબંધિત રેકર્ડ આધારીત અને દફતરી હકીકતલક્ષી પૂરી પાડેલ છે. મંજુર પ્લાન આધારે તેમજ મંજુર પ્લાનની અપાયેલ નોટીસની નકલોમાંની હકીકત આપવા સહિતની સંપૂર્ણ પૂરી માહિતી પૂરી પડાયેલ છે. અરજદારે અપીલ અરજીમાં આધાર કે વાજબીપણું રજુ કરેલ નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી તેમજ પૂરક વિગતોમાં પણ જાહેર માહિતી અધિકારીએ અરજદારને રકર્ડ આધારીત અને દફતરી હકીકતલક્ષી માહિતી તેમજ મંજુર પ્લાનની નોટીસની નકલો સહિત સંપૂર્ણ માહિતી પૂરી પડાયેલ હોવાનું જણાવેલ છે આથી અરજદારને માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ ચોકબજાર,